सा विद्या या विमुक्तये

# શારદ

વર્ષ ૨૮ | એપ્રિલ ૨૦૦૯ | અંક ૫

## વાલીઓને...

પાણી અને ઉર્જાની ભારે તંગી આજે ઉભી થઈ છે ત્યારે હોળી પહેલા દિવ્યભાસ્કરે ઝુંબેશ ઉપાડી હતી, અને સૌને એવો અનુરોધ કરવામાં આવ્યો હતો કે હોળી માત્ર તિલકથી જ રમવી. અને પાણીનો બગાડ અટકાવવો. આનો ખૂબ સારો પ્રતિભાવ સાંપડયો હતો. અને આ વખતની હોળીમાં નુકશાન કરે તેવા રંગો, પાણીનો બગાડ અને નુકશાનકારક રંગોથી લોકો મુક્ત બન્યા. આ એક નાની વાત, છતાં તેનું મહત્વ ઘણું છે. સેતુબંધ રામેશ્વરમાં શ્રી રામચંદ્રજીએ લંકા જવા માટે જે પુલ બાંધ્યો તેમાં એક નાની એવી ખીસકોલીનું મદદગાર થવું તે મોટી વાત હતી.

આજે વિશ્વમાં પાણીની કટોકટી સર્જાઈ રહી છે. ભૂતપૂર્વ વડાપ્રધાન બાજપેયીએ જણાવેલું કે આવતા જમાનામાં પાણીમાં આગ લાગવાની છે તેમ કહી લોકોને ચેતવેલા. આવા સકારાત્મક પગલાઓની આડપેદાશ પણ ખૂબ મહત્વની હોય છે. લોકોએ પાણીના બચાવની જેમ લાકડાના બચાવની વાત ઉચ્ચારી. આજે ઉર્જાની પણ કટોકટી સર્જાઈ રહી છે. વૃક્ષો કપાઈ જતાં હવામાં પ્રદૂષણ વધતું જાય છે. ગ્લોબલ વોર્મિંગનું જોખમ છેલ્લા કેટલાય સમયથી હવામાનની અનિયમિતતાને કારણે ઉભા થતા વાવાઝોડા આવતા જોખમની ચેતવણી આપે છે. જંગલોનો નાશ થઈ રહ્યો છે.

આવતી પેઢી માટે વિશ્વ જોખમરૂપ બની ગયું છે. પર્યાવરણ અત્યંત પ્રદૂષિત બની ગયું છે. બાળકોને આપણે પર્યાવરણની સમજણ આપવી જ પડશે.

આજે પ્લાસ્ટિકનો ઉપયોગ કેટલા વિપુલ પ્રમાણમાં થાય છે તે નજરે ચડે છે. આ બધાના જોખમ અંગે આવતી પેઢીને આપણે સમજાવવું જોઈએ અને તેમને આ માટે આ વિશ્વ કેવું જોખમી બની જશે તેની સમજ આપવી જોઈએ. બાળકને શાળા બધું જ શીખવશે તેવું ન માનતા, ઘરમાં સમજણ પણ તેમને માટે જરૂરી છે.

ઘણા વિદ્યાર્થીઓ પોતાનો નાસ્તો ઘેરથી લઈને આવે છે અને રિસેસમાં તે કરે છે. હાયર સેકન્ડરીની બહેનોને પણ આ પ્રમાણે ઘેરથી નાસ્તો લાવીને કરતા જોયા ત્યારે આનંદ થયો.

નાસ્તા અંગે વાલીઓને એ જણાવવાનું કે બને ત્યાં સુધી પોષણયુક્ત નાસ્તો જ આપો તે જરૂરી છે. આજે વિદ્યાર્થીઓનું વજન, લોહીનું દબાણ, મેદસ્વીપણું આ બધા પ્રશ્નો ઉભા થયા છે ત્યારે ઘરના રોટલી, ભાખરી-શાક જેવો નાસ્તો આપવાનું વલણ વિદ્યાર્થીના સ્વાસ્થ્ય માટે જરૂરી છે.

દિનુભાઈ દવે

ના વંદન

## શારદામંદિર એલમ્ની એસોસીએશન

ભૂતપૂર્વ વિદ્યાર્થી મંડળની સ્થાપના માટે ભાઈ અમર ભટ્ટે મારી પાસે તે અંગેનો પ્રસ્તાવ મૂકયો ત્યારે તેનો ઉત્સાહ જોઈને મને ખૂબ આનંદ થયો અને આ રીતે "શારદામંદિર એલમ્ની એસોસીએશન"ની સ્થાપના થઈ. ભારે ઉત્સાહપૂર્વક સૌ વિદ્યાર્થી ભાઈબહેનો પ્રથમ સમારંભમાં આવ્યા. બેન પ્રીતી સેન ગુપ્તા જેવા તો વર્તમાનપત્રના સ્થાનિકમાં આ અંગે વાંચીને પોતે આવ્યા હતા. તે પછી પણ આ સંમેલનમાં વર્ષોવર્ષ આવતા રહ્યા.

સામાન્ય રીતે જાન્યુઆરીના ઉત્તરાયણ પહેલા અનુકૂળ દિવસે આ માટે મળવાનું એટલા માટે રાખ્યું કે તે સમયે લગ્ન વગેરે પ્રસંગો ના હોય અને પરદેશથી ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ પણ આવ્યા હોય.

આ મંડળના પ્રમુખ તરીકે ભાઈ અમર ભટ્ટની કારકિર્દી દરમ્યાન સુગમ સંગીત અને શાહબુદ્દીન રાઠોડ જેવા યાદગાર કાર્યક્રમોનું આયોજન થઈ શકયું. આ ક્ષેત્રમાં તેમનો બહોળો અનુભવ અને વિવિધ પ્રવૃત્તિઓ વચ્ચે પણ આ માટેના કાર્યક્રમ આપવાની ધગશ હંમેશા રહી. પ્રમુખ તરીકે જવાબદારી હવે અન્ય કોઈને સોંપાય તેવી ઈચ્છા વ્યક્ત કરતા તેમણે જણાવ્યું કે મંડળમાં આ જ ઉત્સાહથી પોતે કામ કરશે. ભાઈ પાર્થિવ અધ્યારૂને આ અંગે વિનંતી કરતાં તેમણે તેનો સ્વીકાર કરતાં અમને આનંદ થયો.અમર ભટ્ટ જયારે પ્રમુખ તરીકે વિદાય લઈ રહ્યા છે ત્યારે સંસ્થા તેમને અનેક શુભેચ્છાઓ પાઠવે છે અને હજુ પણ સંસ્થાને તેમની શક્તિનો લાભ મળે તેવી આશા છે.

શારદામંદિર એલમ્ની એસોસીએશનના પ્રમુખ તરીકે ભાઈ પાર્થિવ અધ્યારૂને આવકારતા આનંદ થાય છે.

તેઓ અત્યંત સંસ્કારી અને વિવેકશીલ, તેજસ્વી વિદ્યાર્થી. આજે પચાસ વર્ષ પછી પણ અમારો ગુરૂશિષ્યનો સંબંધ એવો ને એવો જ. સૌ ગુરુ પ્રત્યે માન અને પ્રેમ.

તેમનામાં ભારતીયતા આંખે ઉડીને વળગે તેવી. સંસ્થાની જરૂરીયાત પ્રસંગે આવીને હંમેશા ઉભા રહે. ભાષા પરનું પ્રભુત્વ વિશિષ્ટ અને સ્પષ્ટ.

તેઓએ જર્મનીમાં ઈલેકટ્રોનીક એન્જીનીયરીંગમાં પોસ્ટ ગ્રેજ્યુએશન કરી આ ક્ષેત્રમાં સફળ કારકિર્દી બનાવી અમદાવાદની અગ્રગણ્ય સહકારી બેંક નૂતન નાગરીકમાં ચેરમેન પદે પોતાની ઉપયોગી સેવાઓ આપી. સહકારી બેંકોની કટોકટીની પરિસ્થિતિ વખતે પણ આ બેંકનો તેમણે વિકાસ કર્યો. આવી સફળ કારકિર્દીનો લાભ શારદામંદિર એલમ્ની એસોસીએશનને પણ હવે મળશે તેનો આનંદ છે. તેઓને આ સ્થાને આવકારતા હું ગૌરવની લાગણી અનુભવું છું.

શારદામંદિરના સૌ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને એસોસીએશનના સભ્ય થવા માટે અનુરોધ કરુ છું.

શારદામંદિર પરિવારે સમાજમાં એક આગવી છાપ ઉભી કરી છે તેનો આનંદ છે.

દિનુભાઈ દવે

## 'વેકેશનની મઝા ?'

'બેન ! તમે આ વખતે વેકેશનમાં કોઈ વર્ગો કે શિબિરનું આયોજન નથી કર્યું ? આટલું લાંબું વેકેશન છે ને ! છોકરાંઓ કેટલું બધું શીખી શકે ! એક તો ઉનાળો. એટલે ગરમી સખત, છોકરાં બિચારા કરે શું ? એવાં તો કંટાળી જાય છે. પરીક્ષા પતી ગઈ હોય એટલે ભણવાનું ય ન હોય. એમનો ય ટાઈમ તો જવો જોઈએ ને ! મને તો આ ઉનાળાનું વેકેશન આવે છે ને જાણે ધ્રાસકો પડે છે, પૂરો દોઢ મહીનો તો છોકરાંઓ માથું ફેરવી કાઢે છે, એવા કંટાળી જવાય છે, કંઈ વર્ગો કે શિબિર હોય તો એમને પ્રવૃત્તિ તો મળી રહે.'

'અરે કુનાલ ! આ પરીક્ષા પતે એટલી જ વાર છે, યાર.. આ વેકેશનમાં તો એવી મઝા કરવી છે કે ન પૂછો વાત... દિવાળીનાં વેકેશનમાં ય આપણે મઝા કરવાનો પ્લાન કર્યો હતો પણ એક તો દિવસ ઓછા, લેસનનું ટેન્શન, ને દિવાળીના દિવસોમાં વળી ભેગાં મળી રમવાનું ઓછું ફાવે, મમ્મી કામમાં હોય એટલે કહે, 'રહેવા દે એ બધી ધમાલ, મને નહીં ફાવે એ બધાં ભાઈબંધોને અહીં ભેગા નથી કરવાનાં પછી કોઈક વાર ગોઠવીશું,' ને પછી મમ્મીનું તો કોઈકવાર આવે ખરૂં !... એટલે દિવાળીની રજાની મઝા તો બધી એમને એમ જ રહી ગઈ, પણ આ વેકેશનમાં તો એવી મઝા કરવી છે કે બસ યાદ રહી જાય, તું બધાને કહી દેજે કે છેલ્લું પેપર પતે એ દિવસે કોઈ ઘેર જવાની ઉતાવળ ન કરે. આપણે વેકેશનનો પ્લાન કરવો છે.તું સાંભળે છે ને સંજુ ! કયાં ધ્યાન છે તારું ! યાર.. તું તો સાવ બોચિયો જ છે, આખો દિવસ બસ ભણ..ભણ.. કંઈક મઝાની વાત તો કર, મને તો આ પરીક્ષાથી હવે કંટાળો આવી ગયો છે, જે દિવસથી પરીક્ષાનો પ્રોગ્રામ આવી ગયો છે ત્યારથી મારી મમ્મી તો એવી પાછળ પડી ગઈ છે કે ન પૂછો વાત... આખો દિવસ કહેશે. 'ભણવા બેસ, પછી ઓછા માર્કસ આવશે ત્યારે ખબર પડશે..ખબર છે ! ગઈ વખતે તારા પેલા ભાઈબંધને તારા કરતાં ચાર માર્કસ્ વધારે આવ્યાં હતાં.. શાના આવે ? આપણા જ હાઈએસ્ટ ન આવે ! પણ બરાબર વાંચ્યું હોય તો ને ! પણ વાંચવું જ કોને ગમે છે !' હવે તો હું આ રોજેરોજ સાંભળીને કંટાળી ગયો છું... કયારેક તો મને થાય છે, 'આ પરીક્ષા ય કોણે કરી હશે !' એટલે આ વખતે તો વેકેશનમાં મઝા બરાબર કરવી જ છે.."

'હવે જા ને.. બહુ બોલ બોલ ન કર.. આપણું ધાર્યું વળી કયારે થાય છે ! પેલો દેવાંગ કહેતો હતો, એના મમ્મીએ તો એના માટે વેકેશનમાં ભરવા માટે બે ત્રણ કલાસનું નક્કી કરી દીધું છે. એક તો પેલા અલોહાના કલાસ, કોણ જાણે ફટાફટ ગણિત કરતાં આવડી જાય ને ! અરે ! એ તો સ્કૂલમાં કાયમ ગણિતમાં નેવું પંચાણું જેવા માર્કસ્ લાવે છે. એને તે વળી આવા કલાસની શી જરૂર છે ! મગજ કંટાળી ન જાય ! પેલા સુધામાસી વળી કાલે મમ્મીને પૂછતાં હતા 'તારે તારા ચિંતનને કવીઝના કલાસમાં નથી મૂકવો ! અરે ! છોકરાં શું તૈયાર થઈ જાય છે ! કયાંય કવીઝમાં રહે ને ઈનામ લીધા વીના આવે તો મને કહેજે, હા ફી ઘણી છે પણ છે ય વસૂલ, છોકરાંને પૂરા દસ દિવસ સુધી રોજના ત્રણથી ચાર કલાક સુધી જે માહિતી ગોખાવે છે, કે ન પૂછો વાત, અરે ! જાણે જીવતું જાગતું એનસાઈકલોપીડીયા જ જોઈ લો ને !' ... ને મારી મમ્મી ય એવી કે સાંજે ને સાંજે જઈને નામ નોંધાવી ખાસ્સી ફી ભરી આવી.. પપ્પા બોલ્યા..' આટલી બધી 'ફી ?' તો ગુસ્સે થઈ ગઈ.. 'છોકરાં હોંશિયાર થતાં હોય તો કંઈ પૈસા પાછળ જોવાતું હશે ?' મને તો કોઈ પૂછતું જ નથી, 'તને શું કરવું છે, આપણને શું ગમશે, શું કરવું છે એવું કશું વિચારવાનું જ નહીં ! મમ્મીને સહેજ 'ના' કહેવા ગયો તો કહે, 'બેસ ! તને શું ખબર પડે ! હજી ઉગીને તો ઉભો થાય છે. મારે તો તને હોંશિયાર બનાવવાનો છે. ગગા જેવો નથી રાખવાનો, મહેનત નહીં કરો તો આગળ કયાંથી આવશો ?'

આખું વર્ષ તો ભણ્યાં, પરીક્ષાનો પ્રોગ્રામ આવ્યો ત્યારથી તો કંઈ ભણ્યો છું.. ત્રણ વાર તો રીવીઝન કર્યું.. એવો કંટાળી ગયો છું. વેકેશનમાં મઝા કરવી છે, એવી મઝા કરવી છે કે ન પૂછો વાત. પણ બિચારો ચિંતન.. એને ને મઝાને મેળ જ કયાં પડે એવું છે ! વચ્ચે મહાત્વાકાંક્ષી મમ્મી છે ને ! એને ય એના ચિંતનને સર્વશ્રેષ્ઠ સર્વગુણસંપન્ન બનાવવો છે ને ! તે માટે સાધના તો કરવી જ પડે ને ! સાધના વીના તે કંઈ સિધ્ધિ મળે ખરી! ચિંતનના વેકેશનની મઝાનાં સ્વપ્ના કયાંથી સાકાર થાય ! બાળકોનાં બાળપણની મસ્તી આપણે મહાત્વાકાંક્ષી માબાપો કેવા છીનવી લઈએ છીએ ! એ બાળપણ કયારેય પાછું આવવાનું છે ખરું ! એ બાળક મોટું થતાં આપણને કેવી રીતે માફ કરશે !

બાળકને વેકેશન તો મુક્તપણે માણવા દો, ઘરનો ખૂણેખૂણો એને માણવો ગમે છે. સમયનાં બંધન વીના મુક્ત મને રમવું ગમે છે. મામા, માસી, ફોઈનાં પ્રેમની એને અનુભૂતિ થવા દો. માત્ર બે ચાર પાંચ દિવસ હીલ સ્ટેશને ફેરવી આવીને નહીં પણ સ્વજનો સાથે એકબીજાનાં ઘરે રહીને સૌનો પ્રેમ પામવાનો ય જીવનમાં એક અદ્‌ભૂત લ્હાવો હોય છે. વિભક્ત કુટુંબો થતાં જાય છે ત્યારે વેકેશનમાં બાળકોને સ્વજનોનાં એ પ્રેમનો લાભ મળે એવા આયોજનની પણ ખાસ જરૂર છે. માત્ર બૌધ્ધિક વિકાસ તરફ જ દોટ મૂકવાને બદલે બાળકની સંવેદનાને ય માવજત મળે, તેનું ઘડતર પણ થાય, તે વેકેશનમાં હળવું ફૂલ બને, એ જોવું હવે વધું મહત્વનું બનતું જાય છે, કારણકે ભાર વિનાના ભણતરની ગમે તેટલી વાતો થતી હોય પણ આપણે માબાપો જ એમનાં માથે ભણતરનો અનહદ ભાર લાદીએ છીએ અને એટલે વેકેશનમાં તો બાળકને બિલકુલ બંધનમુક્ત રાખવાની બહુ જ જરૂર છે, એના બાળપણને માણવા દેવાનાં માત્ર એ જ તો દિવસો છે ને !

અને એમાંય આજે જ્યારે આપણી ઉપર ટી.વી.એ સખત આક્રમણ કર્યું છે એને કારણે બાળકો ખુલ્લામાં રમતા બંધ થઈ ગયા અને બાળકોને માથે ભણવાનો ભાર ખૂબ વધી ગયો છે ત્યારે વેકેશનમાં બાળકોને ખુલ્લામાં શારીરિક કસરત અને શ્રમ મળે, ખુલ્લી હવા મળે એ પણ બહુ જરૂરી બની ગયું છે. દરેક બાળકનાં જીવનમાં આવી એક રમત અને એક કલા, પછી તેમાં ચિત્ર, સંગીત, વાદ્ય કે કંઠય, ગમે તે હોય પણ એનાં સંસ્કાર બાળપણથી જ રેડવા બહુ જરૂરી છે. માત્ર ભણવાથી જ બાળકનો સર્વાંગી વિકાસ નહીં થઈ શકે. સ્વાસ્થ્ય અને તંદુરસ્તી, જીવનમાં કલા, સંવેદના, એ બધાના વિકાસ સાથે સાથે તેનો બૌધ્ધિક વિકાસ થાય તે મહત્વનું છે. તે માટે ઈતર વાંચનનો સમય પણ વેકેશનમાં જ મળવાનો ને ! આપણે રોબોટ નથી બનાવવાનાં આપણે આપણા બાળકને જીવંત માનવ બનાવવાનો છે. અને આવા વેકેશનમાં જ એના એ વિકાસનો સમય એને મળે છે. એને મન માને તેમ વેકેશન માણવા દો. બાળકને હળવું ફૂલ બનવા દો કે જેથી નવું વર્ષ શરૂ થતાં તે ફરી હોંશભેર ભણવા પ્રેરાય.

**ઊર્મિલા શાહ**

આપણા કોશમાંથી 'ભણાવવું' શબ્દ કાઢી નાખવો જોઈએ. આપણે તો બાળકોને કેળવવા છે. કવિતા, ગણિત, ઈતહિાસ વગેરે વિષયો ભણાવી શકાય. આજકાલ માબાપ છોકરાંને ભણાવીને ધન્યતા અનુભવતાં થઈ ગયાં છે.

કેળવણી એટલે બાળકમાં રહેલી સારી શક્તિને ઉંમરના પ્રમાણમાં પ્રગટ થવા દેવાની અનુકૂળતા કરી આપવી તે. ગુલાબના છોડને ખાતર-પાણી દઈએ, નીંદામણ કરીએ, બાકી ગુલાબ એની મેળે ઉગશે. ઉગાડવાની ચિંતા આપણે નથી કરવાની, એની ભીતર બધું પડયું જ છે. આપણે તો ખાલી બાહ્ય મદદ જ કરવાની છે.

**- મનુભાઈ પંચોળી**

# સંસ્થાકીય સમાચાર

## બાલમંદિર

તા. ૨૦-૨-૦૯ના રોજ મહાશિવરાત્રી પર્વ નિમિત્તે 'સાચાં બોલા હરણાં' નાટક બાળકો સમક્ષ ભજવ્યું અને એ તહેવારનું મહત્વ બાળકોને સમજાવ્યું.

તા.૨૬-૨-૦૯ને ગુરુવારે તાલીમના બાળકો માટે ચિત્રસ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું. નાનાં ભૂલકાઓ રંગ અને રેખામાં તન્મય થઈ ગયા, ખૂબ સરસ ચિત્રો બનાવ્યાં. ચિત્ર એ બાળકનાં હૃદયનાં ભાવોને અભિવ્યક્ત કરવાનું ખૂબ સારું માધ્યમ છે. બાળકોએ ખૂબ મન દઈને ચિત્રો કર્યા, એમનામાં રહેલી કલાસૂઝ એમાં સ્પષ્ટપણે વરતાતી હતી, કેટલાક ચિત્રો તો અભિનંદનને પાત્ર હતાં. એમાંથી પસંદ કરેલા ચિત્રોને તા.૫-૩-૦૯નાં રોજ સર્ટીફીકેટ આપીને બાળકોને નવાજવામાં આવ્યાં. તાળીઓના ગડગડાટ સાથે રમતગમત અને ચિત્રસ્પર્ધાનાં વિજેતાઓને સર્ટીફીકેટ આપવામાં આવ્યાં.

તા.૭-૩-૦૯ને શનીવારે હોળીનાં સુંદર ગીતો ગાઈ બાળકો સમક્ષ હોળી પ્રગટાવી, બાળકોને હોળીના દર્શન કરાવ્યાં અને ત્યારબાદ ધાણી, ચણા, ખજૂરનો પ્રસાદ આપવામાં આવ્યો.

તા.૯-૩-૦૯ને સોમવારે ભક્તપ્રહ્‌લાદ નાટક દ્વારા અધર્મ પર ધર્મનો વિજય થાય છે એ સમજાવ્યું, ત્યારબાદ કેસૂડાના પાણી તથા ગુલાલથી બાળકોને હોળી રમાડયાં. બાળકોએ ખૂબ આનંદ માણ્યો.

તા.૧૪-૩-૦૯ને શનીવારે બાલવાડીના નાના ભૂલકાંઓએ નેચરપાર્કનાં પ્રવાસની મઝા માણી.

'ભૂંડી ઉંદરડી' નાટક તથા 'ડોશી અને દીકરી' પપેટ નિહાળવાની બાળકોને ખૂબ મઝા પડી.

તાલીમના બાળકો માટે સુલેખન સ્પર્ધા યોજવામાં આવી. વિજેતા ભાઈબહેનોને સર્ટીફીકેટ આપવામાં આવશે. આટલાં નાનાં બાળકો પણ ખૂબ ચીવટપૂર્વક સરસ અક્ષર કાઢે છે તે જોઈ ખરેખર બાળકો માટે માન થાય તેવું છે. તેઓ અભિનંદનને પાત્ર છે.

ગુડીપડવાના તહેવારનું મહત્વ સમજાવી ચૈત્ર મહીનામાં લીમડાનો રસ પીવાથી થતા ફાયદાની માહિતી બાળકોને આપી. બાળકોએ હોંશે હોંશે લીમડાનો રસ પીધો.

રામનવમીના તહેવાર નિમિત્તે ભગવાન રામનાં જીવન વિશે બાળકોને વાતો કરી, રામ ભગવાનનાં ગુણો સમજાવ્યાં ને છેલ્લે રામધૂન બોલાવી.

ચેટીચાંદના તહેવાર વિશે પણ બાળકોને માહિતી આપી. સિંધીભાઈઓનાં એ તહેવારનું મહત્વ તેમને સમજાવ્યું.

મહાવીર જયંતિ નિમિત્તે બાળકોને જૈન ધર્મ અને ભગવાન મહાવીરની માહિતી આપી.

તાલીમના બાળકો માટે વિદાયસમારંભ યોજવામાં આવશે. ત્રણ વર્ષ સુધી બાલમંદિરમાં બાળકો ખૂબ ખેલ્યાં, કૂદ્યાં, નાચ્યા, અને પાંગર્યા, હવે તેઓ મોટાં થયા અને મોટી સ્કૂલમાં જવાનો સમય થયો. એકબાજુ તેમનાં હૃદયમાં મોટી સ્કૂલમાં જવાનો થનગનાટ હોય તો બીજી બાજુ ત્રણ ત્રણ વર્ષથી બાલમંદિર સાથે અનુભવેલી આત્મીયતા છોડવાનો સમય આવ્યો છે. શિક્ષકોએ ઉત્સાહભેર તેમને માટે રંગબેરંગી ટોપીઓ બનાવી તે પહેરીને, ખૂબ ગીતો ગાતાં ગાતાં તેઓ નાચશે, કૂદશે ને આનંદ કિલ્લોલ કરશે, ટોપી પહેરી ગૌરવભેર કૂચ કરી અને એમના પ્રિય એવા બાલમંદિરના વ્હાલા શિક્ષકોનાં શુભાશિષ લઈ વિદાય લેશે.

## શિશુમંદિર

તા.૧૨-૨-૦૯નાં રોજ લલિતકલા ચિત્રસ્પર્ધા યોજવામાં આવી. ધોરણ ૧ થી ૭ ના બધાં જ વિદ્યાર્થીઓએ તેમાં ભાગ લીધો. આખીય શાળાનું વાતાવરણ એક કલાભવન જેવું બની રહ્યું. નીચે પ્રમાણે વિદ્યાર્થીઓ વિજેતા નિવડયાં, તે માટે અભિનંદન.

| | | |
|---|---|---|
| ધો.૧ | પ્રથમ | દિવ્ય મોરખીયા |
| | દ્વિતીય | વૃષિકા કુકડીયા, કૃપા કડીયા |
| | તૃતીય | જહાનવી દોશી, દીપ ત્રિવેદી, કુશ પટેલ |
| ધો.૨ | પ્રથમ | ખુશી ગદાણી |
| | દ્વિતીય | નિતાંશી લાખાણી, પ્રકૃતિ શુક્લ, દેવ શાહ, |
| | તૃતીય | રાજસી પરીખ, સંયમ શાહ, ભક્તિ ગોહેલ, જૂહી ગાડે, ઉર્જા પરમાર |
| ધો.૩ | પ્રથમ | નિધિ શાહ |
| | દ્વિતીય | ત્વરિત પંચોલી, યશ શાહ, આશના અગ્રવાલ |
| | તૃતીય | માનવ ભટ્ટ, ધૈર્યા ઠક્કર, ભાવેશ અમીન, ધ્યેય ત્રિવેદી, નિરાલી કાયસ્થ |
| ધો.૪ | પ્રથમ | હાર્દી શાહ |
| | દ્વિતીય | ધ્વનિ વિજયભાઈ શાહ, હર્ષરાજ ડોડિયા, ધ્વનિ વિપુલભાઈ શાહ |
| | તૃતીય | કરીના શાહ, ધ્રુવિ સોઢા, ખુશ્બુ ઠાકર , જૈનમ શાહ, ચાંદની શાહ |
| ધો.૫ | પ્રથમ | પંક્તિ આયર |
| | દ્વિતીય | મહર્ષ પરમાર, ઉમંગ વોરા, બ્રિન્દા પટેલ |
| | તૃતીય | ધૃતિ શાહ, વિશ્વા કકૈયા, ખુશાલી શાહ, રિધ્ધિ વોરા, જીલ શાહ, રાજવી કાજીવાલા |
| ધો.૬ | પ્રથમ | ગરીમા મહેતા |
| | દ્વિતીય | હીના શુક્લ, રીમા ભટ્ટ, હેત્વી ઝવેરી, સમકિત શાહ |
| | તૃતીય | માનસી પરીખ, હેત મિસ્ત્રી, સૂરજ શાહ, એકતા ઠક્કર, કલગી શાહ |
| ધો.૭ | પ્રથમ | ભાવિન પટેલ |
| | દ્વિતીય | જાનકી પટેલ, વ્યોમા મહેતા, સ્તવન વ્યાસ, સૌમિલ દેસાઈ, બિરવા શાહ |
| | તૃતીય | શ્રીજા શાહ, વિશ્વા શાહ, પ્રિયાંશી ઠક્કર, ધ્રુવી પટેલ, ખુશી બ્રોકર, જૈના શેઠ, અમોલી રાવલ |

**સ્વયંશિક્ષણદિન :** તા.૧૮-૨-૦૯ના રોજ સ્વયંશિક્ષણદિન ઉજવાયો. વિદ્યાર્થીઓએ ખૂબ સફળતાપૂર્વક આખોય દિવસ શિક્ષણકાર્ય સંભાળ્યું.

વર્ષ દરમ્યાન યોજાયેલ આંતરગૃહ સ્પર્ધાઓનું સમગ્ર પરિણામ નીચે પ્રમાણે આવ્યું છે.

| | | |
|---|---|---|
| પ્રથમ | ગંગોત્રી | ૩૫૯ |
| દ્વિતીય | રત્નદીપ | ૨૪૩ |
| તૃતીય | ધવલગિરિ | ૨૩૭ |
| ચતુર્થ | મેઘનાદ | ૨૦૯ |

## વિનયમંદિર

ધો.૮ અને ૯ ના વિદ્યાર્થી ભાઈબહેનોએ સમાજવિદ્યાના ખૂબ સરસ પ્રોજેક્ટ તૈયાર કર્યા હતાં. ખૂબ મહેનત અને બુધ્ધિપૂર્વક તૈયાર કરેલા પ્રોજેકટમાંથી નીચે પ્રમાણે વિદ્યાર્થીઓને ઈનામો આપવામાં આવ્યાં છે.

| | | | |
|---|---|---|---|
| પ્રથમ | **પ્રોજેક્ટ અમૂલ ડેરી** | | |
| | (૧) | અનેરી મોદી | ગીતગોવિંદ |
| | (૨) | ધરન કોઠારી | મેઘદૂત |
| | (૩) | આંગી શાહ | પદ્મપુકુર |
| દ્વિતીય | **સ્વાતંત્ર્ય સંગ્રામ - સરદાર પટેલ** | | |
| | (૧) | મીત શાહ | મેઘદૂત |
| | **દાંડીયાત્રા** | | |
| | (૧) | ત્વિષા શુક્લ | ચંદ્રમૌલિ |
| | (૨) | મિતી પંચોલી | પદ્મપુકુર |
| તૃતીય | **ભારતના પર્વતો અને હિમાલય** | | |
| | (૧) | દ્રષ્ટિ ત્રિવેદી | મેઘદૂત |
| | **બનાસ ડેરી** | | |
| | (૧) | હેમ સોપારકર | પદ્મપુકુર |
| | (૨) | હર્ષાંગ શાહ | મેઘદૂત |
| | (૩) | કરણ યાજ્ઞિક | મેઘદૂત |

**સ્વયંશિક્ષણદિન :** વિનયમંદિરમાં સ્વયંશિક્ષણદિન ઉજવવામાં આવ્યો. શિક્ષક તરીકેનો અનુભવ વિદ્યાર્થીઓને ઘણું શીખવે છે.

વર્ષ દરમ્યાન થયેલ આંતરગૃહ સ્પર્ધાઓનું સમગ્ર પરિણામ નીચે પ્રમાણે આવ્યું છે.

| | | |
|---|---|---|
| પ્રથમ | ચંદ્રમૌલિ | ૨૨૬ |
| દ્વિતીય | પદ્મપુકુર | ૨૦૦ |
| તૃતીય | ગીતગોવિંદ | ૧૭૭ |
| ચતુર્થ | મેઘદૂત | ૧૪૮ |

## Shardamandir Modern School

**સ્વયંશિક્ષણદિન :** તા.૧૮-૨-૦૯ના રોજ સ્વયંશિક્ષણ દિન યોજવામાં આવ્યો. વિદ્યાર્થી ભાઈબહેનોએ જાતે જ ખૂબ સરસ રીતે અને સફળતાપૂર્વક આખો દિવસ શિક્ષણકાર્ય સંભાળ્યું.

તા.૧૨-૨-૦૯ના રોજ લલિતકલા ચિત્ર સ્પર્ધા યોજવામાં આવી જેના વિજેતાઓ નીચે મુજબ છે.

ધો.૧ પ્રથમ- અચલ અમીન , દ્વિતીય- યુવરાજ વ્યાસ, તૃતીય -જલશ્રી આચાર્ય

ધો.૨ પ્રથમ - શૈવી ઠાકોર, દ્વિતીય - અમન પટેલ, રિધ્ધિ સોની, તૃતીય- નિસર્ગ શાહ, યશ્વી વડેચા

ધો.૩ પ્રથમ - પ્રિયલ શાહ, દ્વિતીય- હેલી શાહ, ધન્વી શાહ, તૃતીય - રાજવી શાહ, આયુષ આદેશરા

ધો.૪ પ્રથમ- ધ્રુમિ શાહ, દ્વિતીય - હિતાર્થ રાવલ, દિપાંશી દોશી તૃતીય- પાર્થ શાહ, કરન ગોલાણી, કુશ કડિયા

ધો.૫ પ્રથમ- શૈલ રાવલ, દ્વિતીય - ધ્રુવ નવલખા, કિશન પટેલ, તૃતીય- પરીના સુખડીયા, ખુશાલી શાહ

ધો.૬ પ્રથમ - નતાશા શાહ, દ્વિતીય- વિધિ શાહ , તૃતીય- મનન જોશી, શિવાની શાહ.

ધો.૭ પ્રથમ- વૈશલ શાહ, દ્વિતીય - પ્રેરક રાજા, તૃતીય- જહાનવી પટેલ, માનસી શાહ.

ધો.૮ પ્રથમ- રાધિકા ભગત, દ્વિતીય-ખુશ્બુ દેસાઈ, વરુણ રાવળ, તૃતીય- મૌલિ સોની, પૂર્વા ગઢિયા

ધો.૯ પ્રથમ- ઉત્સવી શાહ, દ્વિતીય - ભૂમિ શાહ , તૃતીય-વૈદેહી શાહ

વર્ષ દરમ્યાન યોજાયેલી આંતરગૃહ સ્પર્ધાઓનું સમગ્ર પરીણામ નીચે મુજબ આવ્યું છે.

| | | |
|---|---|---|
| પ્રથમ | પલાશ | ૨૩૨ |
| દ્વિતીય | પારિજાત | ૨૧૮ |
| તૃતીય | કદંબ | ૨૦૯ |
| ચતુર્થ | અમલતાસ | ૧૪૨ |

### અભિનંદન

| સંસ્થા | વિજેતા | ઈનામ |
|---|---|---|
| | **બાળપુસ્તક વાચન સ્પર્ધા** | |
| ગુજરાતી સાહિત્ય પરિષદ | ધ્રુવ શાહ | પ્રથમ |
| | **ચેસ** | |
| ગુર્જર ચેસ એકેડમી | અનુરાગ દલાલ | તૃતીય |
| | હર્ષ મહેરીયા | ચતુર્થ |
| વિશ્વભારતી ચેસ એકડમી | હર્ષ મહેરીયા | દ્વિતીય |
| | અનુરાગ દલાલ | પાંચમો |

**નવા સત્રમાં ગણવેશ અંગે**

ધોરણ ૧ થી ૪માં અર્ધી બાંયનું સફેદ શર્ટ અને હાફ પેન્ટ ફરજીયાત છે તે તરફ વાલીઓનું ખાસ ધ્યાન દોરું છું. ગ્રે કલરના મોજા તથા કાળા બૂટ પણ ફરજીયાત છે. ગણવેશ માટે નવા વર્ષથી શિસ્તબધ્ધતાનો આગ્રહ રાખવામાં આવશે.

**ફી અંગેની સૂચના**

જૂનથી શરૂ થતા નવા સત્રની ફી વેકેશન દરમ્યાન ચાલુ રહેતી ઓફિસમાં સવારે ૯ થી ૧૨ માં લેવામાં આવશે.પ્રથમ સત્રની ફી જુલાઈ ૩૧ સુધીમાં ભરી જવી, બીજા સત્રની ફી દિવાળી વેકેશન દરમ્યાન ભરી જવી.

### સ્વરાભિષેક

ભાઈ અમર ભટ્ટ આ સંસ્થાના ભૂતપૂર્વ વિદ્યાર્થી. તેમણે બોર્ડમાં પણ સ્થાન પ્રાપ્ત કર્યું છે. નાનપણથી જ સાહિત્ય અને સંગીતનો શોખ. હકીકતમાં તે વારસામાં મળેલો.

તેમણે ગુજરાતી કવિતાની સંગીતમય સીડીનો સેટ તૈયાર કર્યો છે. આ માટે ચાર સીડીમાંથી બે સીડીમાં અમર ભટ્ટના કંઠમાં ગવાયેલી કવિતાઓ છે અને બીજી બે સીડીમાં ગુજરાતનાં ઉગતા કલાકારોનો સ્વર તેમણે લીધો છે.કાવ્યના કવિની અન્ય રચનાઓ દ્વારા કવિઓનો સુમધુર પરિચય તેમણે આપ્યો છે. તેમનું કાવ્ય પઠન પણ મધુર આસ્વાદ કરાવે છે.કાવ્યોની સ્વરરચના ખૂબ જ રોચક છે. આ ગીતો વારંવાર સાંભળ્યા કરીએ તેવા સુમધુર છે. ભાઈ અમરને ખૂબ અભિનંદન.

* * *

લોકો એમ માને છે કે બાળક નિશાળ વિના ભણી જ ન શકે. સમર્થ કેળવણીકારોનું માનવું છે કે બાળક પોતાની જાતે જ શીખે છે કારણકે શીખવાની વૃત્તિ સહજ છે, જબ્બર છે, અખૂટ છે અને અસીમ છે. તે પૃથ્વીમાંથી વહેતાં કુદરતી ઝરણા સમાન છે.

ગીજુભાઈ

તંત્રી, મુદ્રક પ્રકાશક : દિનુભાઈ દવે, આચાર્ય અને નિયામક,શારદામંદિર, અમદાવાદ-૩૮૦૦૦૭.
EMAIL : sharda.mandir@yahoo.com